# -: ઈબ્રતનાક અંજામ :-

## ઊબૈદુલ્લાહ બિન ઝિયાદ (લા.અ.)

લઈન યઝીદની શયતાની, નાપાક અને હલાકતખેઝ ફરમાનો અને સાઝિશોને અમલમાં મુકનાર લઈન ઊબૈદુલ્લાહ બિન ઝિયાદ જ હતો, હઝરત મુસ્લિમ બિન અકીલ (અ.સ.) અને આપના બે લખ્તે જિગર મૌ.મોહંમદ અને મૌ.ઈબ્રાહીમને કૂફામાં કતલ કરી કરબલાની ઝમીનમાં આલે ખમ્સતુલ અત્હાર (સ.અ.) ને શહીદ કીધા એ દર્દનાક અને અલમનાક હાદેસાનો સબબ અને બુનિયાદ આ જ ઈબ્ને ઝિયાદ હતો.

મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે ઉઝમા બાદ આપ પર ઝુલ્મો સિતમ ગુઝારનાર લઈનો-બધ્દીનોની ઘણી બદતરીન અને ખસ્તા હાલત થઈ અને ગુમ્રાહી પર હલાક થઈને અઝાબે અઝીમમાં ગિરફતાર થયા. મુખ્તાર અસ-સકફી અને ઈબ્રાહીમ બિન માલિકે ઉશ્તર એ ઈમામ હુસૈન (અ.સ.) ના કત્લના કિસાસ અને બદલાનું એલાન કીધું અને અહલેબૈત (અ.સ.) તરફ લોગોને દાઅવત કરીને રિયાસત, શોહરત અને દૌલતને હાસિલ કરવાને ખાતિર એક અઝીમ લશ્કર તૈયાર કીધું અને શોહદાએ કરબલાના કાતિલોને પકડવા તે કૂફા શહેરમાં દાખિલ થયો. કૂફીઓ દરમિયાન મુનાદીના ઝરીયે એલાન કરાવું કે, **"અહલે બૈત (અ.સ.) ના કાતિલો વાસ્તે પનાહનો દરવાઝો બંધ કરી દેવામાં આવે, અને જે કોઇ દુશ્મનને પોતાના ઘરમાં પનાહ અને આસરો આપશે તેને ધગધગતી આગમાં નાંખવામાં આવશે."** આ એલાન સાંભલી યઝીદના હિમાયત કરનાર, મદદ કરનાર, લશ્કરીઓ અને કાતિલોમાં દોડાદોડી, નાસ-ભાગ અને તલાતુમ વાકેઅ થયો. કૂફામાં જાણે કે તૂફાન અને ઝલઝલો આવી ગયો. કૂફા શહેરથી બાહર નીકલવાના તમામ દરવાઝાઓ બંધ કરી દેવામાં આવા અને સિપાહીઓ નો સખ્ત પહેરો ગોઠવી દેવામાં આવો. મુખ્તારના લશ્કરનો કૂફા પર એ તરહથી ઝાબતો, પકડ અને કહેર થયો કે તમામ મુજરિમોને ગિરફતાર કરવામાં આવા, સાંકલો અને તૌક પેહરાવવામાં આવા અને મુજરિમોને અલગ-અલગ ટુકડીઓમાં તકસીમ કરી મુખ્તારને નઝદીક હાઝિર કરવામાં આવા.

મુખ્તાર તખ્ત પર બેસી તમામને તરફ ગુસ્સાથી જોતો, લાઅનત બોલતો અને કત્લનો હુકુમ આપતો. આ દરમિયાન મક્કારોનો મક્કાર ઈબ્ને ઝિયાદ કૂફાથી મકર અને બનાવટ કરી ચંદ મદદગારો સાથે નાસી ગયો. ૬૭ હિજરીમાં મુખ્તારે ઈબ્રાહીમને લશ્કર સાથે ઈબ્ને ઝિયાદને પકડવા મોકલા અને ઈબ્રાહીમએ મૌસલ ગામને નઝદીક ઈબ્ને ઝિયાદને પકડો. બેવે ફરીક દરમિયાન ખૂબ જંગો જિદાલ થઈ ઝપાઝપી થઈ. ઈબ્ને ઝિયાદના મદદગારોનો એક જ પલમાં ખાતેમો થયો, હલાક થયા અને ઈબ્ને ઝિયાદને પકડવામાં આવો. ઈબ્રાહીમ બિન માલિકએ એકલા હાથે ઈબ્ને ઝિયાદનો મુકાબલો કીધો અને તેને ઝોરથી ઝમીન પર પછાડો અને તેના બદને નાપાક પર તલવાર અને ભાલાથી ઝખ્મ કીધા, જેથી ઝખ્મોનું દર્દ તે મલઊનને મેહસૂસ થાય. આમ તે ખૂબ પછાડા ખાવા લાગો, તડપવા લાગો, પછી એક બરછી ઈબ્રાહીમએ ઈબ્ને ઝિયાદની છાતીમાં મારી જેથી એના કલેજામાં લાગી. મૌ.અલી અકબર (અ.સ.) ને મારેલી બરછીની તેને યાદ અપાવી. ઈબ્રાહીમ તેની છાતી ઉપર સવાર હતા અને ઈબ્ને ઝિયાદ દર્દથી ચીસો પાડતો અને મદદ વાસ્તે ચીલ્લાતો તો ઈબ્રાહીમ તેના મોં ઉપર ચાકૂ મારતા અને એ જ બેબસી અને દેહશતનાક હાલતમાં ઈબ્ને ઝિયાદ હલાક થયો. **તેનું માથું કાપીને મુખ્તારના દરબારમાં પૈશ કરવામાં આવું.**

એક વકત હતો કે, કૂફાના આ જ રાજમહેલમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નવાસા ઈમામ હુસૈન (અ.સ.) નું સરે મુબારક એક તશતમાં લઈન ઈબ્ને ઝિયાદની સામે મુકાયું હતું અને નઊઝો બિલ્લાહ તે બદઝાત લાકડીથી આપના સરે મુબારકની બે-હુરમતી કરી રહ્યો હતો, અને આજે મુખ્તાર તે ઈબ્ને ઝિયાદના સરે નાપાકને લાકડીઓથી મારીને પોતાના લશ્કરીઓને તે દિને આશૂરની યાદ કરાવી રહ્યો હતો. તે પછી ઈબ્ને ઝિયાદના માથાને ભાલાની નૌક પર ઊંચું કરી પૂરા શહેરની ગલીઓમાં ફેરવી કૂફાના દરવાઝા ઉપર લટકાવવામાં આવું અને તેના જિસ્મને જલાવી દેવામાં આવું. આજે પણ દુનિયા ઈબ્ને ઝિયાદના અમલે બદના સબબ તેના ઉપર લાઅનત અને ફીટકાર વરસાવી રહી છે. "ફઅતબેરૂ યાઉલિલ અબ્સાર લઅલ્લકુમ તુફલેહૂન". ★